ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લાની ૫ બેઠકોના ૧૩૪૨ મતદાન મથકો પર ૫૧૮૮નો પોલીંગ સ્ટાફ

## પોલીંગ સ્ટાફમાં ૧૩૪૨ મહીલાઓનો પણ સમાવેશ : ૪.૧૪ લાખ કુટુંબોને વોટરગાઈડ અને ૧૧,૭૫,૫૯૪ મતદારોને વોટર સ્લીપનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૭

આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી જિલ્લા વહીવટીતંત્ર સજ્જ થઈ ગયું છે. વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૭ અંગે અધિક નિવાસી કલેક્ટર એચ.એમ. જાડેજાએ માહિતી આપતા જણાવ્યું હતું કે જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોને અનુલક્ષી ૪,૧૪,૯૧૮ કુટુંબોને વૉટરગાઈડ તેમજ ૧૧ લાખ ૭૫ હજાર ૫૯૪ મતદારોને વૉટર સ્લીપનું વિતરણ કરવામાં આવ્યું છે. ચૂંટણી દરમિયાન ૧૩૪૨ મતદાન મથકો ઉપર ૩૮૪૬ પોલીંગ સ્ટાફ, ૧૩૪૨ મહીલા પોલીંગ સ્ટાફ ફરજ બજાવશે.

ગાંધીનગર જિલ્લામાં પાંચ બેઠકોને અનુલક્ષી ૧૬૧૩ બેલેટ યુનિટ, ૧૫૪૭ કંટ્રોલ યુનીટ અને ૧૮૧૫ વીવીપેટ મશીનોની વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂંટણીલક્ષી કામગીરી માટે ૧૦૫ જેટલા નાના-મોટા વાહનો સંપાદિત કરવામાં આવ્યા છે. જ્યારે મતદાન સ્ટાફ અને મતદાન સામગ્રી માટે જિલ્લામાં ૧૬૪ જેટલી બસોની

● અનુસંધાન પાન-૫ પર

### ચૂંટણીને અનુલક્ષી ૩૭૭૧૮ વાહનોની ચકાસણી કરાઈ

ગાંધીનગર જિલ્લામાં એફ.એસ.ટી. દ્વારા ૨૩૭૪૫ વાહનો તથા એસ.એસ.ટી. ટીમ દ્વારા ૧૪,૨૪૩ વાહનોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ૧,૨૮,૧૪૦ બોટલ વિદેશી દારૂ કિંમત રૂ. ૩,૩૬,૪૧,૮૨૮ તથા ૪૧૩૨ લિટર દેશી દારૂ રૂ. ૮૨,૬૪૦ પકડવામાં આવ્યો છે. જિલ્લામાં ૨૬ જગ્યાએ ચેકપોસ્ટ ઉભા કરવામાં આવ્યા છે. કુલ-૭૮૯ હથિયારો જમા કરવામાં આવ્યા છે જ્યારે ૩૭૦૬ અટકાયતીના પગલાં તથા ૧૮૩૭ વ્યક્તિઓ સામે બિનજામીનપાત્ર વોરંટની કાર્યવાહી કરવામાં આવી છે.

### ચુંટણીને અનુલક્ષી તંત્ર તૈયાર

- જિલ્લાની પાંચેય બેઠકો માટે ૪.૧૪ લાખ કુંટુબોને વોટર્સ ગાઈડ તેમજ ૧૧.૭૫ લાખ મતદારોને વોટર્સ સ્લીપનુ વિતરણ
- પાંચ બેઠકોના ૧૩૪૨ મતદાન મથકો માટે ૩૮૩૬ પોલીંગ સ્ટાફ તેમજ ૧૩૪૨ મહીલા પોલીંગ સ્ટાફ ફરજ બજાવશે.
- ચુંટણી માટે ૧૬૧૩ બેલેટ યુનિટ, ૧૫૪૭ કંટ્રોલ યુનિટ અને ૧૮૧૫ વીવીપેટનો ઉપયોગ કરાશે.
- ચુંટણીના અંતે તા ૧૮ ડિસેમ્બરના રોજ સવારે ૮ કલાકથી સે-૧૫ આટર્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૧૪ + ૧ ટેબલ દ્વારા પાંચ હોલમાં મતગણતરી હાથ ધરાશે.
- સિંગલ વિન્ડો સિસ્ટમ અંતર્ગત ૯ ઓનલાઈન અને ૨૧૪ ઓફલાઈન મળી કુલ ૨૨૩ અરજીઓ પૈકી ૨૧૯ અરજીઓનો નિકાલ કરાયો
- ૮૭ મતદાન મથકો ઉપર તેમજ કાઉન્ટીંગ હોલ ખાતે વેબકાસ્ટીંગની વ્યવસ્થા પણ કરાઈ
- ચુંટણીલક્ષી કામગીરીને અનુલક્ષી ૧૦૫ વાહનો સંપાદિત કરાયા મતદાન સ્ટાફ અને મતદાન સામગ્રી માટે જિલ્લામાં ૧૬૪ એસ ટી બસો દોડશે.
- ગાંધીનગર જિલ્લામાં ૩૪૭૨ પોલીસ, હોમગાર્ડ અને ગ્રામરક્ષકોએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યુ.
- ચુંટણીને અનુલક્ષી જિલ્લાની ત્રણ લીકર શોપમાં દારૂનુ વેચાણ બંધ રહેશે તા ૭ થી ૧૪ ડિસેમ્બર અને તા ૧૮ ડિસેમ્બરના રોજ મતગણતરીના દિવસે પણ વિદેશી દારૂનુ વેચાણ બંધ રહેશે.

# પ્રચારમાં મુદ્દાઓના બદલે મહિમાગાન અને ભાંડણલીલા

મતદાનનું કાઉન્ટ-ડાઉન આરંભાયુ છે. ૪૮ કલાક પછી અડધા ગુજરાતમાં મતદાન થશે. પણ હજુ ચૂંટણીના મુદ્દાઓ ઉપર રાજકીય પક્ષો વાત કરતાં જ નથી. અને એકબીજાને ગાળો આપે છે, એકબીજાની ભુલો શોધે છે. એટલું જ નહિ ઈતિહાસના ખોટા આધારો ટાંકીને ભાંડણલીલા ચાલે છે. આવતા પાંચ વરસમાં કોણ ગુજરાતની પ્રજા માટે શું કરશે? તેની વાત કરવાનું તો જાણે ભુલાઈ




જ ગયું છે. પ્રધાનમંત્રી હોય કે રાષ્ટ્રીય અધ્યક્ષો હોય. કોંગ્રેસ ખરાબ છે એટલે ભાજપ સારૂ છે અને ભાજપ ખરાબ છે એટલે કોંગ્રેસ સારી છે. આ વૃત્તિ-પ્રવૃત્તિથી ગુજરાત તંગ આવી ગયુ છે.

મતદાનને આડે માત્ર ગણતરીના કલાકો જ બાકી છે ત્યારે શાસક પક્ષ ભાજપનો ચૂંટણી ઢંઢેરો પણ બહાર નથી પાડી શક્યુ. આજ બતાવે છે કે મુદ્દાઓનું મહત્વ નથી માત્ર મહિમાગાનનું જ મહત્વ છે. ટીકાઓ કરવી જ જોઈએ પણ યોગ્ય માત્રામાં કરવી જોઈએ. કોંગ્રેસ કે ભાજપ બન્ને પક્ષો માત્ર અને માત્ર ટીકાઓમાં જ રચ્યા પચ્યા છે. ગુજરાતની તાસીર કેવી રીતે બદલવી છે તેનો રોડ મેપ કોઈ રજુ કરતુ નથી. કોંગ્રેસે સુવિધાઓ અને રાહતોનો વચનપત્રમાં વરસાદ વરસાવ્યો. પણ એ માટેના નાણાંની જોગવાઈ કેવી રીતે થશે તેનો કોઈ ઉલ્લેખ નથી એટલે શંકા સાથે ચિંતા થાય છે. ત્યારે ભાજપે તો સુવિધા કે રાહતો કશાની વાત કરવાનું ટાળ્યું છે. એટલે એમાં તો બધુ ગોળ-ગોળ છે.

બસ હવે ધાકધમકીનો તબક્કો ચાલી રહ્યો છે. ૧૮મી પછી જોઈ લેવાની ધમકીઓ ખુલ્લેઆમ અપાય છે. સગપણના દબાણો, સત્તાના દબાણો અને લોભ-લાલચોના દબાણોથી પરિસ્થિતિને બદલવાના આખરી

**પ્રચારના અંતિમ ચરણમાં સત્તાના દબાણ-સગપણના દબાણ-સ્વાર્થના દબાણ અને ધાક-ધમકીના દબાણ પુરબહારમાં ચાલે છે**

પ્રયાસો ચાલી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ બન્ને એકબીજાને સારા કહેવાડાવે તેવી સ્થિતિમાં સરકી રહ્યા છે. ક્યાંક ઈમોશનલ બ્લેકમેલીંગ થાય છે તો ક્યાંક ફીઝીકલ બ્લેક મેઈલીંગ થાય છે પણ બન્ને પક્ષો બોલાયેલા-નહિ બોલાયેલા શબ્દોનો ઉપયોગ કરી છેલ્લી ઘડી પ્રચારમાં ગંદામાં ગંદી રીતભાતો ચલાવી રહ્યા છે. પ્રજા તરીકે આપણે ગંભીરતાથી વિચારવું પડશે. કોણ સાચુ - કોણ ખોટુ - કોણ કેવી ગંદી રીત-ભાતો અજમાવી સત્તાની સીડી ચડવા માંગે છે, કોણ નાટકીય શૈલીથી લાગણીઓને બહેકાવે છે, કોણ નાત-જાતના શસ્ત્રો લઈ યુદ્ધ જીતવા માંગે છે, કોણ કોને હથિયાર બનાવી કોને મારવા માંગે છે, આ બધા જ પ્રશ્નો મને-તમને-આપણને મુંઝવે છે. છતાં જવાબ અંતરના ઊંડાણમાં છે જ. ભલે કોઈને કહીએ કે ના કહીએ પણ 'એવીએમ'ના બટન પર આંગળી દબાવીને સણસણતો જવાબ આપવો એ આપણો ધર્મ છે, એ આપણું કર્તવ્યુ છે. ખરૂ ને..?!

**- નિમિત્ત માત્ર**

# ગાંધીનગર આજે પણ કોંગ્રેસનો જ ગઢ છે : ડૉ. સી. જે. ચાવડા

ગાંધીનગર તા ૭

કોંગ્રેસ જે કહે છે...એ કરે છે..અને જે ..કરે છે..એ જ કહે છે.. કોંગ્રેસ અહીંયા જરાપણ ઘસાઈ નથી..જિલ્લા,તાલુકા પંચાયત અને



કોર્પોરેશનની ચુંટણીના પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે ગાંધીનગર જિલ્લો આજે પણ કોંગ્રેસનો જ ગઢ છે..ભાજપે કર્મચારીઓને વસવાટ માટે જગ્યા આપી હોત તો બૃહદ ગાંધીનગર બન્યુ હોત..હરહંમેશ પ્રજાને સંતોષકારક જવાબ અને સંતોષકારક કાર્યપધ્ધતિ જ મારી જીતનુ કારણ બનશે..શિક્ષિત બ્રહ્મસમાજ સમજદારીપુર્વક સરખામણી કરીને મતદાન કરશે..રૂપાલ ગામ પાટીદારોના આંદોલનનુ એ પી સેન્ટર.. પાટીદારોના મત પણ મને મળશે ગાંધીનગર ઉત્તરના કોંગ્રેસના ઉમેદવાર ડો સી જે ચાવડાના મતે ગામડામાં કોંગ્રેસને વનસાઈડ મત મળશે...

**સીધો સંવાદ - ધનંજય જોષી**

**કોંગ્રેસે આપની ઉમેદવાર તરીકે પસંદગી કરી કેમ?**

ગાંધીનગર કર્મચારીઓનુ નગર છે. અહીં ૭૦ ટકા કર્મચારીઓ અને તેમના પરિવારજનો રહે છે. ધારાસભ્ય બન્યો તે પહેલા વેટરનરી ડોકટર તરીકે સેવા આપી ચુક્યો છુ. એસોસિએશનનો પ્રમુખ રહયો નાયબ કલેકટર તરીકે સવા આપી મુખ્યમંત્રીના કાર્યાલયમાં ઓ એસ ડી તરીકે પણ ફરજ બજાવી છે. આ બધા સાથે નાતો છે. પ્રભુત્વ છે. આ મતો મને મળશે તેવો પક્ષને વિશ્વાસ હોવાથી મારી પસંદગી કરી છે.

**સામે પાટીદાર સમાજના ઉમેદવાર છે.ત્યારે પાટીદાર અને અન્ય જ્ઞાતિના મતો મળશે ?**

૨૦૦૨ માં પણ ચુંટણી લડયો ત્યારે પાટીદાર આંદોલન ન હતુ તો પણ તેમના મત મળ્યા હતા. આ વખતે પાટીદારાનુ આંદોલન છે. અને ગાંધીનગર જિલ્લામાં રૂપાલ ગામ પટેલ આંદોલનનુ એ પી સેન્ટર છે. હાર્દીક પટેલ સમાજ સાથે સંપર્કમાં છે... ભાજપને ચુસ્તપણે હરાવાના મુડમાં છે. પટેલ સમાજનો બહુમત ચોક્કસ મળશે.

**કોંગ્રેસમાં નિશિત વ્યાસને ટીકીટ આપવામાં આવી નથી ત્યારે તમને ભુદેવોના મત મળશે ?**

બ્રહ્મસમાજ ખુબ જ શિક્ષિત છે. જાતિવાદનુ પ્રમાણ પાટીદાર અને ક્ષત્રિય જેટલુ હોતુ નથી. બે ઉમેદવારની સરખામણી કરશે. ગુજરાતના હાલ પ્રવર્તમાન પ્રવાહને ધ્યાને લઈ મને ચોક્કસ વિશ્વાસ છે કે ૨૦૦૨ અને ૦૭ ની જેમ મને બ્રહ્મસમાજના મત મળશે.

**આગામી દિવસોમાં હાર્દીકની સભા યોજાશે ?**

આગામી દિવસોમાં હાર્દીક અને અલ્પેશ ઠાકોરની સભા યોજાવાની

● અનુસંધાન પાન-૫ પર

# આજે કલોલમાં મોદીની જાહેરસભા

## પ્રધાનમંત્રીની સભાને અનુલક્ષી ભાજપના સમર્થકોમાં ઉત્સાહનુ મોજુ : પાંચેય બેઠકોને અનુલક્ષી પ્રચારને વેગ આપવા માટે સભાનુ આયોજન

ગાંધીનગર તા ૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કલોલમાં જાહેરસભા સંબોધશે. આગામી તા ૧૪ ડિસેમ્બરના રોજ બીજા તબક્કામાં મતદાનની પ્રક્રીયા હાથ ધરાવાની છે. ત્યારે જિલ્લાની પાંચેય બેઠકોને અનુલક્ષી કલોલમાં ભાજપના ઉમેદવાર ડો અતુલ પટેલના સમર્થનમાં બપોરે ૧૨ : ૩૦ કલાકે ગોપાલ નગર પંચવટી વિસ્તાર ખાતે પ્રધાનમંત્રીની જાહેરસભા યોજાશે.

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી બીજા તબક્કાના મતદાન આડે પણ હવે માત્ર એક સપ્તાહ જેટલો સમય જ બાકી હોવાથી પ્રચાર ઝુંબેશ તેજ બનાવી દેવામાં આવી છે. ભાજપ ૧૫૦ થી વધુ બેઠક જીતવાના વિજય મંત્ર સાથે આગળ વધી રહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર જીત હાંસલ કરવા માટે પણ હાઈટેક પ્રચાર હાથ ધરાયો છે. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પણ મહત્વની હોવાથી પ્રધાનમંત્રીની જાહેરસભાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ૮ ડીસેમ્બરે પ્રધાનમંત્રીની જાહેરસભા યોજવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. કલોલમાં બપોરે ૧૨ : ૩૦ કલાકે પી એમ ચુંટણી પ્રચારને વેગ આપવા સભાને સંબોધન કરશે. બીજા તબક્કાની ચુંટણીને અનુલક્ષી પ્રચાર માટે પણ પુરતો સમય રહયો નથી. આવા સંજોગોમાં રાજકીય પક્ષો દ્વારા

● અનુસંધાન પાન-૫ પર

# ગાંધીનગરમાં ૧૧મીએ રાહુલની મહાસભા

## સે. ૧૧ રામકથા મેદાનમાં રાહુલ ગાંધી અને અલ્પેશ ઠાકોર મહાસભા સંબોધશે

ગાંધીનગર, તા. ૭

ક્ષત્રીય ઠાકોર સેના અને ઓબીસી એકતા મંચના અલ્પેશ ઠાકોર રાજકીય પક્ષ કોંગ્રેસમાં જોડાયા તે દિવસે પાટનગરમાં હજારોની જનમેદની વચ્ચે સે. ૧૧ રામકથા મેદાનમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અલ્પેશ ઠાકોરનું પક્ષમાં સ્વાગત કરી મહાસભા સંબોધી હતી. ૧૧ ડિસેમ્બરે ફરીથી રાહુલ ગાંધી અને અલ્પેશ ઠાકોર પાટનગરમાં તે જ સ્થળે જંગી જનમેદની વચ્ચે મહાસભા સંબોધશે. સભા સ્થળે પુરજોશમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મતદાનના બે દિવસ પહેલા જ થનારી આ મહાસભા મતદારોનું મન જીતીને બાજી મારી જવાનો શ્રેય મેળવશે કે કેમ તે તો જોવુ જ રહ્યું.

એક તરફ પાટીદાર અનામત આંદોલન સમીતી(પાસ)ના હાર્દિક પટેલની રેલીઓ અને સભાઓએ ભાજપને ભયંકર ભીંસમાં મુકી દીધી છે. તો બીજી તરફ જીગ્નેશ મેવાણી અને અલ્પેશ ઠાકોરે પણ પરસેવો છોડાવી દીધો છે. અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જોડાયો અને કોંગ્રેસને ખુલ્લુ સમર્થન આપી દીધુ ત્યારથી ઠાકોર સેનાના મતોનો સીધો લાભ દેખીતી રીતે કોંગ્રેસને થાય તેમ છે. તો બીજી તરફ હાર્દિક પટેલની બેટીંગથી યુવા પાટીદારો તથા હાર્દિકના સમર્થક પાટીદારોનો પણ લાભ કોંગ્રેસને થશે તેમા બે મત નથી. આ કશ્મકશ ભરી સ્થિતિ વચ્ચે ગાંધીનગર ખાતે માણસામાં થયેલી હાર્દિક પટેલની સભા ભાજપ માટે જોખમરૂપ સાબિત થઈ છે. તો બીજી તરફ ૧૧મી ડિસેમ્બરે રૂપાલ ખાતે પણ હાર્દિક પટેલની સભા થાય તેવી શક્યતા હોવાથી માહોલ ગરમાયો છે. આ સ્થિતિ વચ્ચે ૧૧ ડિસેમ્બર પાટનગરમાં કોંગ્રેસની વધુ એક મહાસભાનું આયોજન થઈ ગયુ છે. સેક્ટર-૧૧ રામકથા મેદાનમાં સાંજે ૬ વાગ્યે રાહુલ ગાંધીની મહાસભા યોજાનાર છે. આ મહાસભામાં અલ્પેશ ઠાકોર પણ હશે. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોને ધ્યાને લઈને યોજાનાર આ મહાસભામાં હજારોની સંખ્યામાં સમર્થકો હાજર રહેશે તેવી શકયતાઓ છે. જે અંતર્ગત સ્થાનિક કક્ષાએથી તડામાર તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે.

**શક્તિ ગૃપ**

રોજગારની ઉત્તમ તક

સંપર્ક કરો

૩૩, શુભ બિઝનેસ પાર્ક, પેથાપુર, તા. જિ. ગાંધીનગર



આવો,

કોંગ્રેસ સાથે ઉજવીએ ગુજરાતના

**નવસર્જનની ખુશહાલીનો ઉત્સવ**

**યુવાનોને અધિકાર**
- યુવાનોને રોજગાર
- રોજગાર ન મળે ત્યાં સુધી ₹ ૪૦૦૦/- સુધીનું માસિક બેરોજગારી ભથ્થું
- સરકારી નોકરીઓમાં સન્માનનીય વેતન
- 'સમાન કામ - સમાન વેતન' અમલી બનશે


**વિદ્યાર્થીઓને અધિકાર**
- સરકારી તથા સહાયતા પ્રાપ્ત સંસ્થાઓના સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમો ગ્રાન્ટેડ અભ્યાસક્રમો બનશે
- માતા-પિતા ઉપરથી ફીનું ભારણ ૮૦ ટકા ઘટશે

**શ્રમિકોને અધિકાર**
- શ્રમિકો માટે સમાન કામ - સમાન વેતન
- લઘુતમ શ્રમ વેતનમાં વધારો
- સન્માનનીય વેતન માળખાની રચના
- ઈન્દિરા કેન્ટીન દ્વારા વાજબી દરે પોષણયુક્ત અને સ્વાદિષ્ટ આહાર


**ખેડૂતોને અધિકાર**
- ખેડૂતોના દેવા માફ
- ૧૬ કલાક વીજળી દિવસ દરમ્યાન
- નવેસરથી જમીનની માપણી
- સિંચાઈની મહત્તમ સગવડ

**આદિવાસીઓને અધિકાર**
- આદિવાસીઓને જંગલની જમીનના અધિકાર
- જંગલના ઉત્પાદનો ઉપર હક્ક

**સ્વસ્થ જીવનનો અધિકાર**
- સૌને સરદાર પટેલ યુનિવર્સલ હેલ્થકેર કાર્ડ
- સારવાર સંપૂર્ણ મફત તથા કિફાયતી દરે



**કોંગ્રેસ આવે છે**
**નવસર્જન લાવે છે**



**આવો, કોંગ્રેસનું બટન દબાવી નવસર્જનની શરૂઆત કરીએ...**

પ્રકાશક : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮, E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા **ગ્રાફિક્સ ડિઝાઈનીંગ**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## ૧૯મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પિંકી જયેન્દ્ર ભટ્ટ**

જન્મ -૧૩-૧૦-૬૬ ● દેહ વિલય - ૮/૧૨/૧૯૯૮

પ્રિતના પરાગસી હસતી હસાવતી,
પ્રેમની જ્યોત બની જીવન ઊજાળી ગઈ,
પ્રભુના પ્રેમભર્યા આંચળમાં છૂપાઈ ગઈ.
વસતી સદા અમ હૃદયમાં પણ દીસતી નહી નજરમાં
એવી સુમનની સુગંધને અશ્રુભીની શ્રદ્ધાંજલિ...

મા
મમ્મી
હિરેન - સંગિતા
હર્ષ - આદિત્ય

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com